# નાના એકમોને રજિસ્ટ્રેશન એક જ વાર કરવાનું રહેશે

ગાંધીનગર,તા.૬

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશ ક્ષેત્રે ગુજરાત સરકારે નવતર અભિગમ દાખવીને દુકાનો અને સંસ્થા અધિનયમ (ગુમાસ્તા ધારો) રદ કરીને નવો શોપિંગ એન્ડ એસ્ટાબ્લીશ મેન્ટ એક્ટ ૨૦૧૯નો કાયદો અમલમાં લાવવાનો નિર્ણય કર્યો છે. જે હેઠળ નાના વેપારીઓ અને નાના ઔદ્યોગીક એકમોએ વ્યવસાયનું રજીસ્ટ્રેશન એક જ વખત કરવાનું રહેશે. એકમો અને દુકાનોને પ્રતિ વર્ષ રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ અપાશે. આ માટેનું વિધેયક રાજ્ય સરકાર દ્વારા આગામી વિધાનસભાના સત્રમાં રજુ કરીને કાયદો બનાવવામાં આવશે. પટેલે કહ્યું કે, આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને મળેલ રાજ્યમંત્રી મંડળની બેઠકમાં આ વિધેયક માટે મંજુરી આપવામાં આવી છે. હાલ, જે ૧૯૪૮ નો કાયદો છે તેમાં સુધારા વધારા કરીને નાના વેપારીઓ, નાના ઔદ્યોગીક એકમોના માલિકો અને શ્રમયોગીઓ માટે આ કાયદામાં મહત્વના નિર્ણયો કરવામાં આવશે. પટેલે આ અંગે વધુ વિગતો આપતા કહ્યું કે, વેપારીઓ તથા ધંધાદારીઓ માટે રીન્યુઅલની પ્રથા રદ કરી વન ટાઈમ રજીસ્ટ્રેશન (જ્યાં સુધી માલિકી કે કામના પ્રકારમાં ફેરફાર ન થાય ત્યાં સુધી), દસથી ઓછા શ્રમયોગીઓને કામ ઉપર રાખે ત્યાં સુધી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે નહી ફક્ત તેની જાણ કરવાની રહેશે. આ ઉપરાંત ૨૪ કલાક સંસ્થા ચાલુ રાખવાની છૂટ સહિતની વિવિધ જોગવાઈઓના પરિણામે લોકોને વધુ રોજગારી મળશે. તથા ગ્રાહકોને અનુકુળ સમયે ખરીદી કરવાની સગવડ થતાં ધંધા અને રોજગારમાં પણ વધારો થશે. મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો, નેશનલ હાઈવે, રેલ્વે પ્લેટફોર્મ, એસ.ટી. બસમથક, હોસ્પિટલ, પેટ્રોલપંપ પર આવેલ દુકાનોને ૨૪ કલાક ખુલ્લી રાખવાની તેમજ નગરપાલિકા અને સ્ટેટ હાઈવે પર આવેલ દુકાનોને સવારના ૬.૦૦ વાગ્યા થી રાત્રીના ૨.૦૦ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની છૂટ આપતી જોગવાઈ વિવિધ શરતોને આધીન કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે, આ વિધેયકમાં શ્રમયોગી કર્મચારીઓ માટે પણ ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. શ્રમયોગીઓ માટે શીફ્ટમાં કામ કરવા માટેની છૂટની સાથે સાથે ઓવરટાઈમમાં પણ દોઢ ગણાને બદલે હવે થી બમણું વેતન આપવામાં આવશે. મહિલા શ્રમયોગીઓ માટેનો સમય સવારના ૬.૦૦ થી રાત્રીના ૯.૦૦ સુધીનો રહેશે તથા ૩૦થી વધુ મહિલા શ્રમયોગીઓ જે એકમોમાં નોકરી કરતી હોય તો તેમના બાળકો માટે ઘોડીયાઘરની સુવિધા ઉપલબ્ધ કરાશે. જે એકમોમાં ૧૦૦ થી વધુ શ્રમયોગીઓ નોકરી કરતાં હોય ત્યાં અલાયદી કેન્ટીનની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

## શહેરમાં અપાતા પેયજળના પુરવઠામાં ક્લોરીનેશન શૂન્ય !!

### કોંગી કાઉન્સીલરે કમિશનરને પત્ર લખી કરી ફરિયાદ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં આપવામાં આવતા પેયજળના પુરવઠામાં ક્લોરીનની માત્રાને લઈ કોંગ્રેસના કાઉન્સીલર પીન્કીબેન પટેલે કમિશનરશ્રીને એક પત્ર લખી ચિંતાની લાગણી વ્યક્ત કરી છે.

કમિશનરને લખેલા પત્રમાં તેમણે જણાવ્યુ છે કે પાણીમાં ક્લોરીનની માત્રાની ચકાસણી કરતાં તે ઝીરો માલુમ પડી હતી. ક્લોરીનેશનની કામગીરી ખાનગી એજન્સીને અપાઈ છે અને શહેરના પેયજળમાં તેની માત્રા જોવા ન મળે એ અત્યંત દુ:ખદ છે.

નર્મદા કેનાલ એ પાટનગરના પાણીનો મુખ્ય સ્ત્રોત છે અને તેમાં જ ક્લોરીનેશનનો અભાવ હોવાથી શહેરમાં ઝાડા-ઉલ્ટી અને મરડાના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. શહેરમાં રોગચાળાની પરિસ્થિતિ ઉભી થાય તે પહેલાં યોગ્ય પગલાં આરોગ્ય વિભાગ અને પાણી સપ્લાયમાં લેવાય તે જરૂરી છે.

તેમણે તેમના પત્રમાં લખ્યુ છે કે અગાઉ બનેલા બનાવો સાથે અમે રાજ્ય સરકારનું ધ્યાન દોર્યુ હતુ. તેમણે આ પત્રની નકલ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, કલેક્ટર ગાંધીનગર તેમજ કાર્યપાલક ઈજનેર પા.યો.પે.વિ.ઉને પણ મોકલી આપી છે.

નર્મદાના પાણીને લઈ થયેલા વિવાદ પછી હવે પાટનગરમાં અપાતા પેયજળના પુરવઠામાં ક્લોરીનેશનનો અભાવ એ આ વિવાદને નવો વળાંક આપ્યો છે.



કુંભ મેળામાં પાવન સ્નાન : મૌની અમાસના પાવન સ્નાન માટે ગાંધીનગરના અનેક ભાવિકો કુંભમેળામાં પહોંચ્યા હતા. પવિત્ર કુંભમેળામાં દેશભરમાંથી કરોડોની સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે. જ્યારે ગાંધીનગર ભાવિકોએ પવિત્ર ગંગામાં શ્રદ્ધાની ડુબકી લગાવી હતી. સ્નાન બાદ નામસ્મરણ અર્થે ગંગા કિનારે ભાવપૂર્વક પ્રાર્થના - વંદના કરી હતી.

## બામણા ગામમાં એન.એસ.એસ.ની વાર્ષિક ગ્રામ ચેતના શિબિર યોજાઈ

બામણા ગામમાં એન.એસ.એસ.ની વાર્ષિક ગ્રામ ચેતના શિબિર યોજાઈ હતી. સ્વ. એસ.એચ.જોષી અને બી.કે. જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ બામણા એન.એસ.એસ. યુનિટ ધ્વારા સાત દિવસીય વાર્ષિક ગ્રામ ચેતના શિબિર પ્રિન્સિપાલ ડૉ. કલ્પનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ દત્તક લેવાયેલ બામણા ગામમાં યોજાઈ હતી. એન.એસ.એસ. યુનિટના ૫૦ કાર્યકરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગના ૧૩૦૦થી વધુ કર્મચારીઓ માસ સીએલ પર

મોડાસા, તા. ૬

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા પંચાયત સેવા હેઠળના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ હસ્તકના વિવિધ સંવર્ગના તાલુકા તેમજ જિલ્લા લેવલે ફરજ બજાવતા આરોગ્ય સેવાના કર્મચારીઓના રાજ્યકક્ષાએ નાણાંકીય તેમજ વહીવટને લગતા પડતર પ્રશ્નોના નિતીવિષયક કોઈ નિર્ણય લેવામાં ન આવતાં ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા સરકાર સામે આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. આરોગ્ય કર્મચારીઓએ બુધવારે સામુહિક રજા પર ઉતરી વિરોધ નોંધાવ્યો હતો.

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના ૧૩૦૦થી વધુ આરોગ્ય કર્મચારીઓએ સામુહિક રજા પર ઉતરી વિરોધ નોંધાવ્યો હતો. અરવલ્લી જીલ્લાના ૬૦૦થી વધુ આરોગ્ય કર્મીઓ મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલા દેવરાજ ધામ નજીક એકઠા થઈ સરકાર સામે ન્યાય માટે સૂત્રોચ્ચાર કરવાની સાથે રક્તદાન કેમ્પ યોજી રક્ત એકત્રિત કરી રામધૂન બોલાવી અનોખો વિરોધ નોંધાવ્યો હતો. અરવલ્લી જીલ્લાના આરોગ્ય કર્મચારીઓના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર સામે તેમની પડતર માંગણીઓ જેવી કે પંચાયત સેવાના આરોગ્ય કર્મચારીઓને ટેકનીકલ ગણી તે મુજબનો પગાર વધારો આપવો, ત્રિસ્તરીય માળખું અમલ કરવું તથા બઢતી આપવી, ઝીરો કિલોમીટરે કાયમી મુસાફરી ભથ્થું આપવું, ફિમેલ હેલ્થવર્કર તથા કમ્પાઉન્ડર જેવા નામોમાં સુધારો કરવામાં સહિતની વિવિધ માંગણીઓ માટે ૨૫ જાન્યુઆરી સુધી કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો. ૨૮ જાન્યુઆરીએ પેન ડાઉન સહીત અલગ પ્રકારે વિરોધ નોંધાવવા છતાં તેમની પડતર મંગણીઓનું નિરાકરણ ન આવતા માસ સીએલ પર ઉતાર્યા છીએ. આગામી સમયમાં સરકાર અમારી માંગ નહિ સ્વીકારેતો ન છૂટકે આરોગ્ય કર્મચારીઓ ૧૫ ફેબ્રુઆરીથી અચોક્કસ મુદત હડતાલ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી હતી. આરોગ્ય કર્મચારીઓના આંદોલનના પગલે આરોગ્ય સેવાને ગંભીર અસર પડી હતી.



## છેલ્લે.. છેલ્લે..

- સુરત ભાજપના કોર્પોરેટર જયંતિ ભંડેરી ૫૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા.
- ઊંઝાના પૂર્વ ધારાસભ્ય નારણભાઈ પટેલ મુખ્યમંત્રીને મળી આશાબેનને ભાજપમાં પ્રવેશ ન આપવા ઉગ્ર રજૂઆત કરી હતી.
- લગ્ન કે ડાયરાના જાહેર કાર્યક્રમોમાં હથિયાર સાથે રાખવા પર પ્રતિબંધ મુકાયો : જાહેરમાં ફાયરીંગની ઘટનાઓ વધતા નિર્ણય કરાયો.
- રાજ્યમાં સ્વાઈન ફ્લુથી વધુ ત્રણ દર્દીઓના મોત : ૩૭ દિવસમાં ૫૦ દર્દીઓના મોત.
- જામકલ્યાણપુરના મેવાસા ગામે આર્થિક બોજ વધી જતાં ખેડૂતે આપઘાત કર્યો.
- વડોદરા વોર્ડ નં. ૫ના કોર્પોરેટર ગટર સાફ કરવા જાતે ગટરમાં ઉતર્યા.
- ઊંઝા એપીએમસીનો વિવાદ હાઈકોર્ટ પહોંચ્યો : આજે સુનવણી.
- કોંગ્રેસનો જુથવાદ પરાકાષ્ઠાએ: વધુ એક ધારાસભ્યએ રાજીનામાની ચિમકી ઉચ્ચારી : બહુચરાજીના ધારાસભ્ય ભરતજી ઠાકોરને પણ અસંતોષ.
- હાઈ પ્રોફાઈલ લીકર કેસના આરોપી વિસ્મય શાહને આજે હાઈકોર્ટે જામીન આપ્યા.
- ડીસા નગરપાલિકાના ભાજપના ત્રણ કોર્પોરેટરો પક્ષના આદેશને સ્વીકાર્યો નહી અને જાહેરમાં અસંતોષ વ્યક્ત કર્યો.
- ખોડલધામના ટ્રસ્ટી અને જાણીતા પાટીદાર આગેવાન પરેશ ગજેરાએ ચૂંટણી લડવાની અફવાને નકારી કાઢી છે : તેઓ કોઈપણ પક્ષમાંથી ચૂંટણી લડશે નહી.
- વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે લોકસભાની ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે : હુ બાહુબલી છુ અને ભાજપનો પાયો મે નાંખ્યો છે, મને ટીકીટ મળવી જોઈએ.

## અમદાવાદના રખિયાલનો પરેશ મોદી નામનો બુટલેગર રિક્ષામાં વિદેશી દારૂની ખેપ મારતો ઝડપાયો

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લાના માર્ગો પરથી નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂની ઘુસાડવા બુટલેગરો સતત પ્રયત્નશીલ રહે છે. મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીકથી પસાર થતી નંબર પ્લેટ વગરની સીએનજી રીક્ષામાં રૂ.૨૮૮૦૦નો વિદેશી દારૂ ભરી પસાર થતા અમદાવાદ રખિયાલના ચુનીલાલ પટેલની ચાલીમાં રહેતા પરેશભાઈ ગોવિંદભાઈ મોદી નામના બુટલેગરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.વાય. વ્યાસે બાતમીના આધારે શામળાજી-હિંમતનગર હાઈવે પર નાકાબંધી ગોઠવી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરી નંબર પ્લેટ વગરની સી.એન.જી. રિક્ષામાં સંતાડી રાખેલો ગેરકાયદેસર વગર પાસ પરમિટનો વિદેશી દારૂની બોટલ નંગ-૮૦ કી. રૂ. ૨૮૮૦૦નો જથ્થો જપ્ત કરી રીક્ષા ચાલક પરેશ ગોવિંદભાઈ મોદી (ઉં.વર્ષ-૨૩) નામના બુટલેગરને દબોચી લઈ મોબાઈલ નંગ-૧ કી. રૂ. ૫૦૦ તથા રિક્ષાની કી. રૂ.૧૫૦૦૦૦ મળી કુલ રૂ.૧૭૯૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રણાવાડા (જા) ખાતે શ્રી મોમાઈ માતાજીના યંત્ર પ્રાણ પ્રતિષ્ઠા એવં પંચકુડાત્મક યજ્ઞ મહોત્સવનો પ્રારંભ કરાયો

કાંકરેજ તાલુકાના મુખ્યમથક શિહોરીને અડીને આવેલ રણાવાડા જાગીરી ગામે સમસ્ત રાવલ પરીવારની કુળદેવી મોમાઈ માતાજીના નવિન મંદિરમાં યંત્રની પ્રાણ પ્રતિષ્ઠા તથા પંચકુડાત્મક યજ્ઞ મહોત્સવનો પ્રારંભ ઉપસ્થિત સંત હરીસ્વરૂપ બાપુ તેમજ મહાનુભાવોના વરદહસ્તે દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી. ગઈકાલે યજ્ઞના આચાર્ય શાસ્ત્રી કમલેશભાઈ એચ. રાવલ (ગોલ્ડ મેડાલિસ્ટ-કાશી)ના મુખારવિંદે શાસ્ત્રોક્તવિધિ વિધાનથી મંદિરના મુખ્યદાતા રાવલ સોમાભાઈ ગોકળભાઈની ઉપસ્થિતિમાં મુખ્ય યજમાન દેવરાજભાઈ આઈ. રાવલના યજમાન પદે શુભારંભ કરાયો. જળયાત્રાના દાતા આશારામ પી. રાવલના વરદહસ્તે જળયાત્રા બાદ અગ્નિના દાતા સેમરાજભાઈ આર. રાવલના નિવાસેથી અગ્નિદેવનું આહવાન કરી ઢોલ-નગારા સાથે મંદિરમાં પંચકુડાત્મક યજ્ઞમાં પ્રસ્થાપિત કરી આરંભ કરાયો. પ્રથમ આનંદકારી દિવસે યજ્ઞપ્રારંભ કર્યા બાદ જળયાત્રા, અગ્નિસ્થાપન, આરતી, રાત્રે દાંડીયારાસ, બિજા દિવસે મંદિર વાસ્તુ, ઉપસ્થિત મહાનુભાવોનું સન્માન, રાત્રે સંતવાણી કાર્યક્રમ ત્યારબાદ ત્રિજા દિવસે શોભાયાત્રા બાદ કાર્યક્રમની પુર્ણાહૂતિ કરવામાં આવશે.

આજના પાવન પ્રસંગે રણાવાડાના સરપંચ અંબારામભાઈ રાવલ, પી.આર. રાવલ, પરષોત્તમભાઈ એલ. રાવલ, બકાભાઈ રાવલ, આશારામભાઈ રાવલ, ભૂટાભાઈ રાવલ તેમજ ગ્રામજનો હાજર રહેલ.



## નવા બડોદરાની મહીલાને ત્રાસ અપાતા ચાર સાસરીયા સામે ફરીયાદ

તલોદ તાલુકાના નવા બડોદરા ગામે અઢી વર્ષ અગાઉ લગ્ન કરી રહેતી હિંમતનગર તાલુકાના કેવન ગામની એક યુવતીને તેણીના સાસરીયા દ્વારા અવારનવાર ઘરકામ બાબતે ઝઘડો કરી શારિરીક અને માનસીક ત્રાસ આપી પીયરમાં કાઢી મુકતા આ યુવતીએ પતિ સહીત ચાર સાસરીયા વિરૂદ્ધ મંગળવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## મોડાસાના અમલાઈ નજીક દૂધ ભરેલ ટેન્કો પલટી જતા દૂધની રેલમછેલ

મોડાસાના ડુઘરવાડા-અણીયોર રોડ પરથી દૂધના કેન ભરેલ ટેમ્પાના ચાલકે સામેથી ત્રણ સવારી બેફામ હંકારી આવી રહેલા બાઈકચાલકને બચાવવા જતા ટેમ્પાને રોડ સાઈડ ખાડામાં ઉતારી દેતા પલ્ટી ખાઈ જતા ટેમ્પામાં રહેલા ૭૫ દૂધ ભરેલ કેનમાંથી ૫૦ કેન દૂધ ઢોળાઈ જતા દૂધના ખાબોચિયા ભરાયા હતા. સદનસીબે ટેમ્પો ચાલકનો અદભુત બચાવ થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. બાઈકસવાર ત્રણ વ્યક્તિઓ ટેમ્પો પલટી જતા ગભરાઈ જઈ ફરાર થઈ ગયા હતા.



રક્તદાન - મહાદાન : ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને વિવિધ કર્મચારી અગ્રણીઓએ મોટી સંખ્યામાં રક્તદાન કરી સમાજ પરત્વેનું કર્તવ્ય અદા કર્યું હતું.

## ભિલોડામાં અજાણ્યા યુવાને શર્ટ પર મેલું નાખી એક લાખથી વધુની ચીલઝડપ

ભિલોડા,તા.૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા ધમધમતા બજાર વિસ્તારમાં અજાણ્યા નવયુવાને ધી વિરપુર દુધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી.ના સેક્રેટરીના શર્ટ ઉપર મેલું નાખી રૂા.૧,૨૫,૨૦૦/- રોકડા, ચેકબુક, પાસબુક ભરેલી થેલીની ચીલઝડપ કરી અજાણ્યા યુવાન પલભરમાં ઘટનાસ્થળ ઉપરથી પલાયન થઈ ગયો હોવાના કારણે ચકચાર મચી જવા પામી છે. પોલીસએ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ સેક્રેટરીની ફરીયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અનિલભાઈના જણાવ્યા મુજબ વિરપુર ગામની ધી વિરપુર દુધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી. સેક્રેટરી નરેન્દ્રભાઈ કમજીભાઈ નિનામા, રહેવાસી.વિરપુરવાળા દુધ ઉત્પાદક સભાસદોને ચુકવવાના રૂપિયા ઉપાડવા માટે ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક લી. (ભિલોડા શાખા)માંથી સેક્રેટરીએ દુધ મંડળીના રૂપિયા ચેક મારફતે ઉપાડી થેલીમાં ભરી મેઈન બજાર વિસ્તારમાંથી પસાર થયા હતા. તાલુકા પંચાયત શોપીંગ સેન્ટર પાસે આવેલ મેડીકલની દુકાનમાંથી દવાની ખરીદી કરીને નીકળ્યા તે દરમ્યાન અજાણ્યો ઈસમ આશરે ૨૦ વર્ષની ઉંમર ધરાવતો યુવાન સેક્રેટરીની નજીક-નજીક ચાલતો હતો તે અરસામાં યુવાને સેક્રેટરીના શર્ટ ઉપર કઈંક ગંદી ચીજ પડી હોવાનું કહ્યું હતું. સેક્રેટરી તાલુકા પંચાયત શોપીંગ સેન્ટર આગળ ચાની કીટલી ઉપર શર્ટ ધોવા ગયા હતા તે અરસામાં લબરમુંછીયો અજાણ્યો નવયુવાન રૂપિયા ભરેલી થેલી લઈને પલભરમાં પલાયન થઈ ગયો હતો.

## ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામે તબેલામાં આગ લાગતાં ત્રણ અબોલા જીવો બળીને ખાખ

ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામમાં મોટનેશ્વર મહાદેવ મંદિર તરફ જવાના રસ્તા પાસે ઈશ્વરભાઈ રાજભાઈ પટેલે ગાયો માટે તબેલો બનાવ્યો હતો. જેમાં ૮ ગાયો હતી. અને બાજુમાં જશુભાઈનો તબેલો આવેલ જેમાં ૫ ગાયો હતી. મંગળવાર રાત્રીના સમયે અચાનક તબેલામાં ભડકો થતા પ્રવીણભાઈ પટેલ બહાર આવી જોતા તબેલામાં આગ લાગી હતી જેથી તેમને બુમાબુમ કરતા આજુબાજુના લોકો આવી જઈ આગ હોલવવા લાગેલા અને પંચાયતના કુવામાની મોટર ચાલુ કરી આગ હોલવતા લોકોએ ગાયોને બચાવવાનો પ્રયત્ન કરેલ પણ આગ વધુ હોય ખેડબ્રહ્મા ફાયર વિભાગમાં જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગે પહોચી બે કલાકની મહેનતે આગ હોલવી હતી.

આ દરમ્યાન ઈશ્વભાઈના તબેલામાં બે ગાય અને એક વાછરડી અને જશુભાઈ તબેલામાં એક વાછરડી ડરીને ભાગતા કૂવામાં પડી જતા મારી ગઈ હતી.

ઈશ્વરભાઈ રાજભાઈ પટેલના તાબેલાની ઉપર વીજલાઈન પસાર થતી હોય તેમાં શોર્ટસર્કિટ થતા તબેલામાં ઘાસમાં આગ લાગી. બંને તબેલામાં ફેલાઈ જતા ઈશ્વરભાઈની બે ગાય કિંમત ૯૦૦૦૦, એક વાછરડી ૨૦૦૦૦ ઘાસચારો ૨૫૦૦૦ તથા જશુભાઈની એક વાછરડી ૨૦૦૦૦ અને ઘાસચારો ૪૫૦૦૦ મળી કુલ ૨૦૦૦૦૦નું નુકશાન થયુ હતું.

## ઝડપી શહેરીકરણના પડકારોને પહોંચી વળવા આપણા શહેરોનું આયોજન સર્વિસ અને કાયક્ષમ પર્યાવરણ વડે વિકસાવવા પ્રયાસો થાય તે ખૂબ જ મહત્વનું છે

ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ સિવિલ એન્જીન્યરીંગ એન્ડ આર્કિટેક્સ અને ઈન્સ્ટીટ્યુટ ઓફ ટાઉન પ્લાનર્સ ઈન્ડીયાએ આજે અમદાવાદ શહેરની એક નોન પ્રોફીટ સંસ્થા રિયલ એસ્ટેટ સ્ટડીઝ એન્ડ મેનેજમેન્ટ એકેડેમી નામની રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા લોકોને તાલિમ આપતી નોન પ્રોફીટ સંસ્થાના સહયોગથી આજે ઔડાના ભૂતપૂર્વ ટાઉન પ્લાનર અને ઈન્સ્ટીટ્યુટ ઓફ ટાઉન પ્લાનર્સ ઈન્ડીયાના વાઈસ પ્રેસીડેન્ટ નરેન્દ્ર કે. પટેલે લખેલા એક અનોખા પુસ્તક ટાઉન પ્લાનીંગ સ્કીમ-એ ટુલ ઓફ મેકીંગ પ્લાનિંગ વર્ક ફોર સીટી ડેવલપમેન્ટનું આજે ઔડાના ભૂતપૂર્વ ચેરમેન અને સુરેન્દ્ર પટેલ, અગ્રણી ટાઉન પ્લાનર રાજેશ રાવલ અને ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જીન્યર્સ એન્ડ આર્કિટેક્ટ્સ એન્જીનીયર ભાર્ગવ એચ. દેસાઈ અને અન્ય મહાનુભાવોની હાજરીમાં પ્રસિદ્ધ આર્કિટેક્ટ અને સેપ્ટ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ બિમલ પટેલે વિમોચન કર્યુ હતુ.

આ પ્રસંગે વાત કતાં લેખક અને અમદાવાદ શહેરની એક નોન-પ્રોફીટ સંસ્થા રિયલ એસ્ટેટ સ્ટડીઝ એન્ડ મેનેજમેન્ટ એકેડેમી નામની રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા લોકોને તાલિમ આપતી નોન પ્રોફીટ સંસ્થાના સ્થાપક અને ગુજરાતની ટોચની રિયલ એસ્ટેટ ગ્રુપ સન બિલ્ડર્સના સ્થાપક નરેન્દ્ર કે. પટેલે જણાવ્યુ હતું કે ટાઉન પ્લાનીંગ સ્કીમ અથવા તો ટીપી સ્કીમ મિકેનિઝમનો ગુજરાતમાં વ્યાપકપણે શહેરી વિકાસ માટે ઉપયોગ થયો છે. તેની ઉપયોગિતા એ હકિકતને આધારે જણાઈ આવે છે કે ગુજરાત સરકારે છેલ્લા એક વર્ષમાં ૧૦૦થી વધુ ટીપી સ્કીમને વિવિધ તબક્કાની મંજૂરી આપી છે.

### મનના ઉમંગો ● ચોથા પાનાનું અનુસંધાન

ગમે ત્યાંથી વાર્તાસૃષ્ટિ મેળવીને વાંચવી જોઈએ. ગિરિમાબેન ભવિષ્યમાં ખુબ સારા વાર્તકાર બનશે . આ મેગેઝીનમાં છેલ્લા બે વિભાગ બહુ સરસ છે. અંતિમ પ્રકરણ ''ભાષાસજજતા'' નો છે. અહીં વ્યાકરણના નિયમો ઘણી સરળતાથી સમજાવવામાં આવે છે. આ ત્રિમાસિક વાંચનાર નવોદિતો આ વાંચીને પોતાની વારંવાર થતી ભૂલોને સુધારી શકે છે. તેનાથી આગળનો લેખ '' વાતે વાતે વાર્તા'' સ્વયં શ્રી રવીન્દ્રભાઈ બહુ મઝાનો લેખ છે તેમાં તેઓ નવલોહિયાઓને વારતા અંગેની માહિતી અને માર્ગદર્શન આપે છે.

અત્યાર સુધી સંપૂર્ણપણે વાર્તાઓનું એક માત્ર મેગેઝીન અત્યારે મમતા હતું. શબ્દસૂષ્ટિ, પરબ, નવનીતસમર્પણ, જલારામદીપ, જેવા મેગેઝીન્સમાં પણ વાર્તાઓ આવે છે. પરંતુ તેમાં બેથી ત્રણ વાર્તાઓ જ આવતી હોવાથી નવિદિતો માટે ખાસ તક રહેતી નથી. પરંતુ હવે વાર્તાસૃષ્ટિ આવતાં તેમને બે સામયિકો પ્રાપ્ત થાય છે. પહેલાંના જમાનામાં જે કામ ચાંદની અને આરામ કરતા હતા તે કામ હવે મમતા અને વાર્તાસૃષ્ટિએ કરવાનું છે. ટૂંકમાં વાર્તાસૃષ્ટિ દરેક વાર્તારસિકે વાંચવા જેવું છે અને નવોદિતોએ તો ખાસ વાંચવા જેવું છે.

### ધમધમશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ માટે વિધાનસભા સત્રમાં કાયદામાં સુધારો કરવામાં આવશે. તેમણે કર્મચારીઓની સુવિધાઓને લઈ પણ મોટી જાહેરાત કરતા કહ્યું કે, કોઈ પણ વેપારી પોતાના કર્મચારીને ઓવર ટાઈમ કરાવે તો કર્મચારીને દોઢ ગણો પગાર ચુકવવાનો રહેશે. સાથે ૩૦થી વધુ કર્મચારી ધરાવનાર સ્ટોર, દુકાન માલિકે મહિલાઓને ધ્યાનમાં રાખી ઘોડિયા ઘરની વ્યવસ્થા કરવી પડશે. જ્યારે ૧૦૦થી વધુ કર્મચારી ધરાવતા સ્ટોર કે દુકાન માલિકે કેન્ટીનની વ્યવસ્થા કરવી પડશે.

આ ઉપરાંત તેમણે કહ્યું કે, આ વર્ષે ગુજરાતમાં કેટલાક તાલુકામાં અછતની સ્થિતિ છે, કેન્દ્રના નિયમો પ્રમાણે અલગથી કામગીરી કરાઈ છે. બજેટમાંથી પણ સરકારે મદદ માટેનો નિર્ણય કર્યો છે અને અછતગ્રસ્ત ૫૧ તાલુકાઓના ખેડૂતોને આર્થિક સહાય અપાઈ છે. જ્યારે અન્ય ૪૫ જેટલા ખેડૂતોને પણ આર્થિક સહાય અપાઈ. તાલુકાના ખેડૂતોને ૧૧૭૬ કરોડની સહાય કરાઈ અને ૪૫ અન્ય તાલુકના ખેડૂતોને ૮૬૨ કરોડની સહાય. તમામ ખેડૂતોને રકમ સીધી તેમના ખાતામાં ચૂકવાઈ ગઈ છે.

નીતિન પટેલે જણાવ્યું કે, સરકારે તળાવો ઊંડા કરવાની કામગીરી કરી હતી. ૫૦ ટકા રાજ્ય સરકારની અને લોક ભાગીદારીથી કામ થતું હતું. ૧૪ હજાર તળાવો ઊંડા કરવામાં આવ્યા. સુજલામ સુફલામ જળ અભિયાન ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે. સ્ન્છની માગને ધ્યાને રાખી સરકારનો ભાગ વધારીને ૬૦ ટકા કરાયો.

આગામી ૧૮મી મળનારા વિધાનસભા સત્રમાં શ્રમ રોજગાર વિભાગનું શોપ એસ્ટેબલિશમેન્ટ એક્ટમાં સુધારા દર્શાવતું બિલ રજૂ કરવામાં આવશે. આજે આ મુદ્દે કેબિનેટની બેઠક મળી હતી, જેમાં વેપારીઓને ખેડૂતો માટે સરકાર દ્વાર મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે.

### લોચીંગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેન્ટરના ડિરેક્ટર એસ પાંડિયને કહ્યું હતું કે, લોંચ વેળા કોઈ સમસ્યા નડી ન હતી. જીસેટ-૩૧ સેટેલાઈટ ઈન્સેટ સેટેલાઈટને રિપ્લેશ કરશે. તેઓ આ સફળતા માટે એરિયન સ્પેશ અને ઈસરોના અધિકારીઓને અભિનંદન આપવા માંગે છે જે અહીં જાન્યુઆરી મહિનાથી જ પહોંચ્યા હતા. પાંડિયને કહ્યું હતું કે, એરિયન સ્પેશ આ વર્ષે જૂન-જુલાઈમાં વધુ એક કોમ્યુનિકેશન સેટેલાઈટ જીસેટ-૩૦ લોંચ કરશે. એરિયન સ્પેશ અને ઈસરોના સંદર્ભમાં પાંડિયને કહ્યું હતું કે, અમારા એરિયન સ્પેશથી ૧૯૮૧થી સંબંધ રહેલા છે. તે વખતે એરિયન ફ્લાઈટ એલ-૦૩ દ્વારા ભારતના પ્રાયોગિક સેટેલાઈટ એપલને લોંચ કરવામાં આવતા આને લઈને ખુશી જોવા મળી હતી. એરિયન સ્પેશના સીઈઓ સ્ટીફન ઈઝરાયેલે કહ્યું હતું કે, એરિયન વ્હીકલ દ્વારા ભારત માટે લોંચ કરવામાં આવેલા આ ૨૩માં સફળ અભિયાન તરીકે છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં જ ભારતમાં સૌથી ભારે સેટેલાઈટ જીસેટ-૧૧ને લોંચ કરવામાં સફળતા મળી હતી જેનું વચન ૫૮૫૪ કિલોગ્રામ હતું. લોંચથી પહેલા ઈસરોના વડાએ ફ્રેંચ ગુયાનાથી કહ્યું હતું કે, જીસેટ-૩૧ જુના સેટેલાઈટ ઈન્સેટ ૪સીઆરની જગ્યા લેશે જેની અવધિ ટૂંકમાં પૂર્ણ થઈ રહી છે. ઈસરોએ એમ પણ કહ્યું છે કે, જીસેટ-૩૧નો ઉપયોગ વીસેટ નેટવર્ક, ટેલિવિઝન અપલિંકિંગ, ડિજિટલ સેટેલાઈટ, ડીટીએચ સર્વિસ, અન્ય સર્વિસમાં કરવામાં આવશે. આ લોંચ એરિયન સ્પેસના એરિયન-૫ રોકેટ માટે કરવામાં આવ્યુ ત્યારે ઈસરોના તમામ લોકોની નજર તેના પર હતી. અત્રે નોંધનીય છે કે ગયા વર્ષે ૧૯મી ડિસેમ્બરના દિવસે ઈન્ડિયન રિસર્સ સ્પેશ ઓર્ગેનાઈઝશને પોતાના કોમ્યુનિકેશન સેટેલાઈટ જીએસએલવી-એફ૧૧ જીસેટ-૭એને લોંચ કરી દેતા ઉપસ્થિત વૈજ્ઞાનિકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું.